eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 246
November 05, 2010

## "વાંચે ગુજરાત" અભિયાન



શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર આયોજીત 'વાંચે ગુજરાત અભિયાન','એક સાથે વાંચશે ગુજરાત' તા.૩૦.૧૦.૨૦૧૦, શનિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમ્યાન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં, શિક્ષણ સમિતિ સંચાલિત ૨૮૧ પ્રાથમિક શાળાઓમાં વિવિધ જાહેર સ્થળોએ જેવાં કે મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં આવેલ બાગમાં, શાળાના પટાંગણમાં અને મંદિરોમાં એક સાથે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**



## સુરત મહાનગરપાલિકા ધ્વારા પૂજય સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૫ મી જન્મજયંતિની ઉજવણી

સુરત મહાનગરપાલિકા ધ્વારા પૂજય સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૫ મી જન્મજયંતિ નિમિત્તે તા. ૩૧/૧૦/૨૦૧૦ ને રવિવારના રોજ સવારે ૮.૦૦ કલાકે સૂતરાંજલિનો કાર્યક્રમ સુરત રેલ્વે સ્ટેશન સામે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલશ્રીની પ્રતિમા પાસે રાખવામાં આવ્યો હતો ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## ઉધના ઝોન વિસ્તારની કામગીરી

આજરોજ તા. ૨/૧૧/૨૦૧૦ના રોજ એડીશનલ સીટી ઈજનેરશ્રીની સૂચના મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સાઉથઝોન(ઉધના) માં નીચે જણાવેલ સ્થળે ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## સુરત મહાનગરપાલિકાના આરોગ્ય(સો.વે.મે.) ખાતાના નાયબ હિસાબનીશ શ્રી શૈલેષભાઈ સી. મહેતા તથા ચીફ ઈન્સ્પેકટર શ્રી કમલેશભાઈ એમ. બંધારા નો વિદાય સમારંભ

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય(સો.વે.મે.) ખાતાના નાયબ હિસાબનીશ શ્રી શૈલેષભાઈ સી. મહેતા તથા ચીફ ઈન્સ્પેકટર શ્રી કમલેશભાઈ એમ.બંધારા તા.૩૧/૧૦/૨૦૧૦ના રોજ નિવૃત થતાં તેમને વિદાયમાન અપાયું હતું ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## વરાછા ઝોનની કામગીરી

તા. ૩૦/૧૦/૨૦૧૦ ના રોજ આરોગ્ય અધિકારીશ્રીની સૂચના મુજબ વરાછા ઝોન વિસ્તારમાં આવેલ પૂણા–સીમાડા ખાતે આવેલ સંગના શોપીંગ સેન્ટરની દુકાન નં.૧૬–૧૭ માં 'તાપી વોટર્સ' નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ૮૯૭૭/૦૯ અન્વયે બી.આઈ.એસ. સર્ટીફિકેશન માર્ક નહિ ધરાવતાં ગેરકાયદેસર પાણીનાં પ્લાન્ટના કબ્જેદાર શ્રી વિરલભાઈ કાંતિભાઈ પોલરા વિરૂધ્ધ કાર્યવાહી કરી ...

**વધુ માટે કલીક કરો >>>>>>**

## "વાંચે ગુજરાત" અભિયાન




શિક્ષણ વિભાગ ગુજરાત સરકાર આયોજીત 'વાંચે ગુજરાત અભિયાન','એક સાથે વાંચશે ગુજરાત' તા.૩૦.૧૦.૨૦૧૦, શનિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમ્યાન નગર પ્રાથમિક શિક્ષણ સમિતિમાં, શિક્ષણ સમિતિ સંચાલિત ૨૮૧ પ્રાથમિક શાળાઓમાં વિવિધ જાહેર સ્થળોએ જેવાં કે મહાનગરપાલિકાના વિવિધ ઝોનમાં આવેલ બાગમાં, શાળાના પટાંગણમાં અને મંદિરોમાં એક સાથે ધોરણ ૫ થી ૭ ના અંદાજે ૪૪૯૨૬ જેટલા બાળકોએ તથા સુમન હાઈસ્કુલના ૪૯૭૮ જેટલા વિદ્યાર્થીઓ મળી કુલ ૪૯૯૦૪ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ વાંચનની ભૂખ સંતોષી હતી. સાથે 'વાંચે ગુજરાત' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ ઉપરાંત ન.પ્રા.શિ.સમિતિની શાળાઓના ૨૭૫૪ શિક્ષકો તથા સુમન હાઈસ્કુલના ૧૬૬ શિક્ષકો મળી કુલ ૨૮૭૦ શિક્ષકો, વાલીઓ–૬૨૩૧ અન્ય મુલાકાતીઓ–૨૪૮૨ એ પણ આનંદ સાથે ભાગ લીધો હતો.





આ અભિયાનમાં મહારાણા પ્રતાપ ગાર્ડન ખાતે ગુજરાત રાજયના પંચાયત મંત્રીશ્રી માન.નરોત્તમભાઈ પટેલ, સુરત મહાનગરપાલિકાના કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણા, શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી રૂપીન પચ્ચીગર હાજર રહયા હતા. તેમજ ન.પ્રા.શિ.સમિતિની શાળા કમાંક ૬૦, બેગમપુરા,સુરત ખાતે મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા.

વધુમાં 'વાંચે ગુજરાત' કાર્યક્રમમાં નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના તમામ સભ્યશ્રીઓ, તમામ કોર્પોરેટરોશ્રીઓ સામાજીક અગ્રણીઓ વિવિધ સ્થળોએ હાજર રહી, એકી સાથે હાજર રહી કાર્યક્રમને દીપાવ્યો હતો. કેટલીક જગ્યાએ સ્વૈચ્છિક સંસ્થાઓ ધ્વારા હાજર રહેલ બાળકો માટે ઠંડાપીણા,ઠંડા પાણીની વ્યવસ્થા તથા નાસ્તાની સગવડ કરવામાં આવી હતી. જયારે કેટલાક બાળકોને નાની પુસ્તિકાઓ તથા નાના અંગ્રેજી, ગુજરાતી શબ્દકોષ પણ ભેટ આપ્યા હતા.

TOP

# સુરત મહાનગરપાલિકા ધ્વારા પૂજય સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૫ મી જન્મજયંતિની ઉજવણી



સુરત મહાનગરપાલિકા ધ્વારા પૂજય સરદાર વલ્લભભાઈ પટેલની ૧૩૫ મી જન્મજયંતિ નિમિત્તે તા. ૩૧/૧૦/૨૦૧૦ ને રવિવારના રોજ સવારે ૮.૦૦ કલાકે સૂતરાંજલિનો કાર્યક્રમ સુરત રેલ્વે સ્ટેશન સામે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલશ્રીની પ્રતિમા પાસે રાખવામાં આવ્યો હતો. સરદાર પટેલની ૧૩૫મી જન્મજયંતિ પ્રસંગે મા.મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, સાંસદશ્રી સી.આર.પાટીલ, રાજયસભાના સાંસદશ્રી પ્રવિણભાઈ નાયક, શાસકપક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુ. કમિશ્નરશ્રી કુ.એસ.અપર્ણા, કલેકટરશ્રી એ.જે.શાહ, સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી મંજુલાબેન સાવલિયા, વિવિધ સમિતિના અધ્યક્ષાશ્રીઓ, કોર્પોરેટરોશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી સુતરની આંટી ચઢાવી વંદના કરી હતી.

TOP

## ઉધના ઝોન વિસ્તારની કામગીરી

આજરોજ તા. ૨/૧૧/૨૦૧૦ના રોજ એડીશનલ સીટી ઈજનેરશ્રીની સૂચના મુજબ કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ સાઉથઝોન(ઉધના) માં નીચે જણાવેલ સ્થળે ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથઝોન (ઉધના) વિસ્તારમાં ઉધના મગદલ્લા રોડ જોગાણીમાતા મંદિરની સામે આવેલ ઉમિયાનગર સોસાયટીનાં પ્લોટ નં.૧૦/સી માં માર્જીનવાળી જગ્યામાં અંદાજે ૧૮૦૦ ચો.ફુટ વિસ્તારમાં કોમર્શીયલ હેતુના ઈરાદે ગ્રાઉન્ડ ફલોર પર આર.સી.સી. સ્લેબ સહિતનું તથા પહેલા માળે ૧૮૦૦ ચો.ફુટ વિસ્તારમાં ભરવામાં આવેલ કોલમ તથા સ્લેબનું સેન્ટરીંગ કામ તેમજ ગ્રાઉન્ડ ફલોર ૧૫૦ ચો.ફુટ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવામાં આવેલ છે. ગ્રાઉન્ડ ફલોરનું બાંધકામ દૂર કરવા મિલ્કતદારે લેખિત બાંહેધરી આપેલ છે. આ બાંધકામના માલિક રમેશભાઈ આર.ભૂતાની પાસેથી ડિમોલીશન ચાર્જ પેટે રૂા.૨૫,૦૦૦/– તથા ગેરકાયદેસર બાંધકામ સંપૂર્ણ દૂર કરવાની ડિપોઝીટ પેટે રૂા.૧૫,૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ઉધનાઝોનના દબાણ સ્ટાફ તથા શહેર વિકાસ ખાતાનો સ્ટાફ મદદથી કરવામાં આવેલ છે.

**TOP**

## સુરત મહાનગરપાલિકાના આરોગ્ય(સો.વે.મે.) ખાતાના નાયબ હિસાબનીશ શ્રી શૈલેષભાઈ સી. મહેતા તથા ચીફ ઈન્સ્પેકટર શ્રી કમલેશભાઈ એમ. બંધારા નો વિદાય સમારંભ

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય(સો.વે.મે.) ખાતાના નાયબ હિસાબનીશ શ્રી શૈલેષભાઈ સી. મહેતા તથા ચીફ ઈન્સ્પેકટર શ્રી કમલેશભાઈ એમ.બંધારા તા.૩૧/૧૦/૨૦૧૦ના રોજ નિવૃત થતાં તેમને વિદાયમાન અપાયું હતું.

સુરત મહાનગરપાલિકામાં ૨૨ વર્ષ સુધી સેવા આપી નિવૃત થતાં નાયબ હિસાબનીશ શ્રી શૈલેષભાઈ સી. મહેતાને તેમજ ૩૬ વર્ષ સુધી સેવા આપી નિવૃત્ત થતાં ચીફ ઈન્સ્પેકટર શ્રી કમલેશભાઈ એમ.બંધારાને વિદાય આપવાનો કાર્યક્રમ આરોગ્ય ખાતાના ડે.કમિશ્નરશ્રી (હેલ્થ અને હોસ્પિ.) હેમંતભાઈ એસ.દેસાઈ સાહેબે આરોગ્ય ખાતાના સમગ્ર સ્ટાફના સથવારે સ્મૃતિભેટ અર્પણ કરી તેમની મહેનત અને નિષ્ઠાને બિરદાવી હતી.એમનું શેષ જીવન તંદુરસ્ત અને પ્રવૃતિમય રહે એવી શુભકામનાઓ વ્યકત કરી હતી. શ્રી પઠાણ સાહેબે શાલ ઓઢાડી તેમનું બહુમાન કરી શુભેચ્છા પાઠવી હતી.

વિદાય સમારંભમાં શ્રી ખત્રી સાહેબ, શ્રી ભટ્ટ સાહેબ, શ્રી ગોહિલ સાહેબ, શ્રી સોલંકી સાહેબ,શ્રી ઘનશ્યામ શુકલ તથા સ્ટાફમિત્રોએ પ્રાંસગિક પ્રવચનો કરી શુભેચ્છા પાઠી હતી.

નાયબ હિસાબનીશ શ્રી શૈલેષભાઈ તેમજ ચીફ ઈન્સ્પેકટર શ્રી કમલેશભાઈએ તેમના સન્માન બદલ આરોગ્ય ખાતાના સમગ્ર કર્મચારીગણની આભારની લાગણી વ્યકત કરી હતી.

TOP

## વરાછા ઝોનની કામગીરી

તા. ૩૦/૧૦/૨૦૧૦ ના રોજ આરોગ્ય અધિકારીશ્રીની સૂચના મુજબ વરાછા ઝોન વિસ્તારમાં આવેલ પૂણા–સીમાડા ખાતે આવેલ સંગના શોપીંગ સેન્ટરની દુકાન નં.૧૬–૧૭ માં 'તાપી વોટર્સ' નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ૮૯૭૭/૦૯ અન્વયે બી.આઈ.એસ. સર્ટીફિકેશન માર્ક નહિ ધરાવતાં ગેરકાયદેસર પાણીનાં પ્લાન્ટના કબ્જેદાર શ્રી વિરલભાઈ કાંતિભાઈ પોલરા વિરૂધ્ધ કાર્યવાહી કરી. સદર દુકાન આજરોજ 'શીલ' કરેલ છે. આ કામગીરી સીમાડાના નાયબ આરોગ્ય અધિકારી તથા પૂણા–સીમાડા વોર્ડ ઓફિસનો સ્ટાફ ધ્વારા પાર પાડવામાં આવેલ હતી. આ કામગીરી દરમ્યાન નીચે મુજબની વસ્તુઓ સીઝ કરવામાં આવેલ છે.

૧. ઈન્સ્યુલેટ કેનીંગ નંગ–૧૧

૨. ૨૦ લીટરની બોટલ નંગ–૦૭

૩. મોટા સફેદ કેરબા નંગ–૦૧

૪. પાઈપ પ્લાસ્ટીક નંગ–૦૨(મોટી)

૫. પાઈપ પ્લાસ્ટીક નંગ–૦૧ (નાની)

૬. ૨૦ લીટરના કેમીકલ કેરબા નંગ–૧

૭. એક થેલો બુચ નંગ–૦૧

TOP